# મીડિયા ગ્રૂપનું કન્ટેન્ટ વાપરવા બાબતે ગૂગલ AI ભીંસમાં


ટેક-ટોક

★ આનંદ ગાંધી

શું તમે ગૂગલ સર્ચ કરો ત્યારે ક્યારેય વિચાર્યું છે કે તમારી સ્ક્રીનમાં આવેલી સામગ્રી ક્યાંથી આવે છે? આપણે યુઝર તરીકે આવું બધું વિચારતા નથી, આપણે જે રિઝલ્ટની જરૂર છે એ મળે તો વાત પૂરી કરીએ છીએ. પરંતુ જેમની સામગ્રી રિઝલ્ટમાં આવે છે તેમને ફાયદા નુકસાનનો હિસાબ કરવો પડે છે. ગૂગલ જે રિઝલ્ટ બતાવે છે એ ગૂગલનું પોતાનું નથી. ગૂગલ કોઈ પાસેથી લઈને આપણને બતાવે છે. ગૂગલ ખુદ એ સામગ્રી બનાવતી નથી.

પહેલા ગૂગલ સર્ચ કરીએ ત્યારે ગૂગલ જુદી જુદી વેબસાઈટ સુધી યુઝરને લઈ જતું હતું. એનાથી બે બાબતો બનતી હતી. એક, ગૂગલ યુઝરને સામગ્રીના મૂળ સોર્સ એવી વેબસાઈટ સુધી પહોંચાડી દેતું હતું. માત્ર યુઝર અને ન્યૂઝ સામગ્રી વચ્ચે મધ્યસ્થી એ ગૂગલની ભૂમિકા હતી. બે, ગૂગલની વિશ્વસનીય રહેતી હતી. ગૂગલ ગમે તે રિઝલ્ટ આપતું નથી, યુઝરને સોર્સ સુધી પહોંચાડી દે છે ને પછી યુઝર્સને સાચા ખોટાનો ભેદ નક્કી કરવા દેતું હતું. ન્યૂઝ વેબસાઈટને પણ તેનાથી ઓડિયન્સ મળ્યું હતું. યુઝર્સ પ્રમાણે ગૂગલ પૈસા આપતું હતું.

પણ જ્યારથી ગૂગલની AI સર્ચની સર્વિસ શરૂ થઈ ત્યારથી બધું બદલાઈ ગયું. ગૂગલમાં AI મોડ અને AI ઓવરવ્યૂની સર્વિસ શરૂ થઈ છે. એમાં ગૂગલે સામગ્રી બતાવવાનું શરૂ કર્યું. એ બાબતે હવે ગૂગલ ભીંસમાં છે. બ્રિટનની કોમ્પિટિશન વોચડોગે ગૂગલને તાકીદ કરી છે કે ન્યૂઝ સાઈટ્સ અને કન્ટેન્ટ ક્રિએટર્સને તેમના ઓનલાઈન કન્ટેન્ટનો ઉપયોગ AI ઓવરવ્યૂઝ માટે કરવા દેવો કે નહીં તેનો વિકલ્પ આપે. બ્રિટનની કોમ્પિટિશન વોચડોગે ગયા વર્ષે ગૂગલને ઓનલાઈન સર્ચ અને જાહેરાતોની બાબતમાં વ્યૂહાત્મક ખેલાડી ગણાવ્યું હતું.




સરકારી એજન્સીએ નોંધ્યું હતું કે ગૂગલ પોતાની મોનોપોલીનો ઉપયોગ કરીને કંપનીઓને પૉલિસી બદલવા પ્રોત્સાહન આપે છે અને પોતાની તરફેણમાં નિર્ણયો લેવડાવે છે. આ સંદર્ભમાં હવે નવા અહેવાલમાં ગૂગલને તાકીદ કરવામાં આવી છે કે AI ઓવરવ્યૂમાં ઓનલાઈન પબ્લિશર્સની સામગ્રી બતાવવી કે નહીં તેનો નિર્ણય જે તે પબ્લિશર્સને હોવો જોઈએ. પબ્લિશર્સ ધારે તો એમાંથી દૂર રહેવાનો વિકલ્પ પસંદ કરી શકે છે.

એજન્સીએ નોંધ્યું છે કે જ્યારથી ગૂગલે તેના AI ઓવરવ્યૂઝની સર્વિસ શરૂ કરી છે ત્યારથી ન્યૂઝ પબ્લિશર્સના ટ્રાફિકમાં ઘટાડો થયો છે. કારણ કે યુઝર્સ હવે મૂળ લેખ પર ક્લિક કરવાને બદલે ત્યાંથી જ માહિતી મેળવી લે છે. ન્યૂઝ પબ્લિશર્સ, કન્ટેન્ટ ક્રિએટર્સની સામગ્રીનો ઉપયોગ AI ઓવરવ્યૂમાં થાય છે, પરંતુ તેનો ફાયદો જે તે કંપનીઓને કે કન્ટેન્ટ ક્રિએટર્સને થતો નથી. પરિણામે ગૂગલે પબ્લિશર્સને તેમનું કન્ટેન્ટ AI જવાબોમાં કેવી રીતે વપરાય તે અંગે પસંદગી આપવી જોઈએ. આ પ્રક્રિયા વધારે પારદર્શક બનાવવી જોઈએ. AI પરિણામોમાં વપરાયેલા કન્ટેન્ટનો યોગ્ય રીતે ઉલ્લેખ કરવો જોઈએ. જેનાથી યુઝર્સ એ વેબસાઈટની મુલાકાત લેવા પ્રેરાય.

**બ્રિટનની કોમ્પિટિશન વોચડોગે ગયા વર્ષે ગૂગલને ઓનલાઈન સર્ચ અને જાહેરાતોની બાબતમાં વ્યૂહાત્મક ખેલાડી ગણાવ્યું હતું, હવે AIમાં જે રિઝલ્ટ બતાવે છે એમાંથી મીડિયા ગ્રૂપની સામગ્રીને બાકાત રહેવાનો વિકલ્પ આપવા આદેશ મળ્યો છે. તેનાથી કદાચ ગૂગલ સર્ચ રિઝલ્ટમાં મોટો ચેન્જ આવશે**

ભીંસમાં આવ્યા પછી ગૂગલે બચાવ કર્યો કે આ મુદ્દે એજન્સી અને વેબસાઈટ માલિકો સાથે ચર્ચા-વિચારણા ચાલુ રાખશે. ગૂગલના પ્રોડક્ટ મેનેજમેન્ટ પ્રિન્સિપલ રોન એડને જણાવ્યું હતું કે અમે હવે એવો વિકલ્પ શોધી રહ્યા છીએ કે જેનાથી કન્ટેન્ટ ક્રિએટર્સને બહાર નીકળવાનો વિકલ્પ મળી શકે.

વેબસાઈટ્સને તેમનું કન્ટેન્ટ મેનેજ કરવા માટે યોગ્ય સાધનો આપવાનો પણ અમારો પ્રયાસ રહેશે. જો ગૂગલ કરે છે એમ થશે તો સેંકડો ન્યૂઝ વેબસાઈટને ફાયદો થશે.

મૂળ સામગ્રીનું મૂલ્ય થશે. ઓરિજિનલ કન્ટેન્ટની ઉઠાંતરી દિવસે દિવસે વધતી જાય છે ત્યારે ગૂગલ જો ખરેખર કન્ટેન્ટ ક્રિએટરને મહત્ત્વ આપશે તો તેમની સામગ્રીને યોગ્ય વળતર મળશે.●


---

## અક્લ કો તન્ક઼ીદ સે ફ઼ુર્સત નહીં
## ઈશ્ક઼ પર આમાલ કી બુનિયાદ રખ

**- અલ્લામા ઈક઼બાલ**

કેફિયત

★ હનીફ મહેરી



બુદ્ધિને સમીક્ષાથી ફુરસત નથી, પ્રેમ પર સારા કામનો પાયો રાખ. બુદ્ધિ તર્કને પ્રાધાન્ય આપે છે. ત્યાં કંઈ પણ કરો ત્યારે તેની સમીક્ષા થશે. સારાં નરસાંનો વિચાર થશે. ક્યારેક તો માત્ર ટીકા થશે. બુદ્ધિ તર્ક-વિતર્કને જોઈને નિર્ણય લેવા આગ્રહ કરે છે. જ્યારે પ્રેમ તમારી ભીતરની લાગણીને વ્યક્ત કરે છે. અહીં તમને ભરપૂર આત્મબળ મળે છે. કશુંક કરવા માટે તમને પ્રેરણાં મળે છે. સાહસ કરવા માટે તમને હિંમત મળે છે. માણસના આત્મનો અવાજ પ્રેમ છે. પ્રેમમાં માણસ સચ્ચાઈ સાથે આગળ વધે છે. પ્રેમ તમને કશુંક કરવા માટે આત્મવિશ્વાસ આપે છે. અહીં બુદ્ધિ અને પ્રેમ એટલે કે દિમાગ અને હૃદય બંને વચ્ચે ફરક છે. બુદ્ધિથી લેવાતા નિર્ણયોમાં નફા-નુકશાન જોવામાં આવે છે. પરંતુ હૃદયથી લેવાતા નિર્ણયોમાં આ ગણિત હોતું નથી. કશુંક વિચારીને પ્રેમ થતો નથી. પ્રેમને ભાવના સાથે સંબંધ છે. પ્રેમને લાગણી સાથે સંબંધ છે. અહીં ખોટનો વેપાર પણ નફા જેવો લાગે. જ્યારે બુદ્ધિથી લેવાતા નિર્ણયોમાં ફાયદો અને નુકશાન પહેલા જોવામાં આવે છે. ત્યાર બાદ દરેક કામ કે નિર્ણય તર્કબદ્ધ રીતે જ લેવાતા હોય છે. અહીં બધું વિચારીને થાય છે. જ્યારે પ્રેમમાં વિચારને અને બુદ્ધિને બાજુ પર રાખીને નિર્ણયો લેવાતા હોય છે. પરંતુ પ્રેમની એ તાકાત છે કે તમારા આત્મબળને એ બમણું જોર આપે છે. તમારા ભીતરનો આ રણકો તમને ઊર્જાવાન બનાવે છે. કશુંક કાર્ય કરવા તમને પ્રેરે છે. પ્રેમ કરનારો માણસ દિલથી સાચો અને પવિત્ર હોય છે. પ્રેમ કરનારો માણસ ઈશ્વર સમીપે હોય છે. બુદ્ધિથી તમે ટીકા કરી શકો. બુદ્ધિથી તમે સમીક્ષા કરી શકો. બુદ્ધિથી તમે શંકા કરી શકો. બુદ્ધિથી તમે નિંદા કરી શકો. બુદ્ધિથી તમે મૂલ્યાંકન કે વિવેચન કરી શકો. પરંતુ બુદ્ધિથી તમે ક્યારે પણ પ્રેમ નહીં કરી શકો. પ્રેમ માટે તમારે હૃદય પાસે જ જવું પડે. ત્યાં દિમાગથી નિર્ણય લો તો કદી સફળ થઈ નહીં શકો. પ્રેમ તમને હૃદયના દ્વારે જ મળી શકે. તમારા સારા કાર્યનો પાયો પ્રેમથી નખાયો હશે તો તેના પર રચાતી ઇમારત બુલંદ હશે.●